ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# અસરકારક શિક્ષકનાં લક્ષણો અને અધ્યાપનના સિદ્ધાંતો

પિયુષા સોમદેવ પંચોલી

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

**સારાંશ**

એક સમય એવો હતો  કે જયારે અસરકારક શિક્ષક કોને કેહ્વો તે સહેલાઈથી નક્કી કરી શકાતું હતું. કારણ કે તે સમયે જે શિક્ષક વ્યક્તિ તરીકે સારો હોય, તે સારો શિક્ષક ગણાતો હતો. તે પ્રમાણિક હોય, સખત મેહનત કરનાર હોય, મૈત્રીપૂર્ણ હોય, ઉદાર હોય આ ગુણો તે તેના વર્ગમાં સત્તાશીલ, સુઆયોજિત, શિસ્તબદ્ધ, અંતઃસૂઝ અને સમર્પિતતા જેવા વર્તનો વડે વ્યક્ત કરે તેવું તેની પાસે અપેક્ષિત હતું.

અહીં અસરકારક અધ્યાપનના સાત સિધ્ધાંતો અને તેને અનુરૂપ શિક્ષકનાં વર્તન રજુ કરવામાં આવ્યા છે. તે અધ્યાપનના શ્રેષ્ઠ ધોરણો રજુ કરે છે. તે વિદ્યાર્થીઓને શીખવા માટે અને તેઓના જ્ઞાન અને કૌશલ્યોનો વિશાળ સમાજનાં સંદર્ભ માં ઉપયોગ કરવા માટે સક્ષમ બનાવે તેવા છે.

શું ‘અસરકારક શિક્ષક’ની વ્યાખ્યા આપી શકાય ? તેનો જવાબ લગભગ ‘ના’ છે. અતિ ચોક્કસ રીતે આવી વ્યાખ્યા તારવાવનું શક્ય નથી. તેનું સાદું કરણ એ છે કે, સંશોધનોએ હજી સુધી એવા ચોક્કસ અધ્યાપન વર્તનો શોધી કાઢયા નથી. જે વિદ્યાર્થીઓની સિદ્ધિ સાથે હંમેશા સ્પષ્ટ રીતે સંબંધિત હોય (શલ્માન,1986). છતાં બર્લીનર પ્રમાણે ‘અસરકારક શિક્ષક એ ગણાય કે જેના વિદ્યાર્થીઓ  પૈકી જે કક્ષાના વિદ્યાર્થીઓ માટે જે જ્ઞાન અને કૌશલ્ય યોગ્ય ગણવામાં આવ્યું હોય તે તેઓ ધરાવતા હોય.”

વિવિધ સંશોધકોએ શિક્ષકનું વ્યક્તિત્વ, જ્ઞાનાત્મક લાક્ષણિકતાઓ અને અધ્યાપન અભિગમોને કેન્દ્રમાં રાખી કરેલા સંશોધનના આધારે અસરકારક શિક્ષકનાં નીચેનાં લક્ષણો તારવ્યા છે. **અસરકારક શિક્ષણ...**

૧. વિધાર્થીઓને પડકાર આપે છે અને પ્રોત્સાહન આપે છે.

૨. વિદ્યાર્થીઓને શીખવા માટે પૂરતો સમય આપે છે.

૩. સ્પષ્ટ અધ્યાપન માળખાને અનુસરે છે.

૪. પરિસ્થિતિ પ્રમાણે પ્રત્યક્ષ કે પરોક્ષ શીખવે છે.

૫. અધ્યાપન અને આંતરક્રિયામાં લવચીક છે.

૬. વિદ્યાર્થીઓને નીપજ માટે પોતાને જવાબદાર ગણે છે.

૭. વિદ્યાર્થીઓને નવા અધ્યયન માટે તૈયાર કરવાની ક્ષમતા સારી રીતે વિકસી હોય.

૮. પોતાના કાર્ય અંગે વિચારશીલ હોય છે.

અસરકારક શિક્ષકનાં લક્ષણો ધરાવતો શિક્ષક જ્યારે અધ્યાપન કાર્ય કરે ત્યારે અસરકારક અધ્યાપન થાય. પરંતુ કોઈ પણ શિક્ષક અસરકારક અધ્યાપન ત્યારે જ કરી શકે જ્યારે તે અસરકારક અધ્યાપનનાં સિધ્ધાંતો જાણતો હોય અને તે સિદ્ધાંતોને અમલમાં મૂકે.

**અસરકારક અધ્યાપનનાં સિધ્ધાંતો .....**

**સિદ્ધાંત-૧ : વિદ્યાર્થીના અધ્યયન માટે સ્પષ્ટ ધ્યેયો અને બૌદ્ધિક પડકારો નક્કી કરવા.**

**શિક્ષક:**

- પોતાના વર્ગ માટે બૌદ્ધિક ધ્યેયો અને અધ્યયન નીપજો અંગે સ્પષ્ટ દ્રષ્ટિકોણ રજુ કરે છે.
- સંબંધિત ચાવીરૂપ ખ્યાલો શોધી કાઢે છે.
- અધ્યયન ધ્યેયોને પ્રાપ્ત કરવાના ચાવીરૂપ અભિગમો ઓળખી કાઢે છે.
- વિદ્યાર્થીઓના અધ્યયન અંગે ઊંચી છતાં વ્યાજબી અપેક્ષાઓ નક્કી કરે છે.

**સિદ્ધાંત-૨: અધ્યેતાઓને સામેલ કરતી યોગ્ય અધ્યાપન પદ્ધતિઓ અને યોજનાઓનો અમલ કરવો.**

**શિક્ષક:**

- વિદ્યાર્થીઓની યોગ્ય સામેલગીરીને પ્રોત્સાહન આપે છે.
- વર્ગખંડની અંદર અને બહાર બૌદ્ધિક ધ્યેયો અને અધ્યયન નીપજો પ્રાપ્ત કરવા માટેનાં અસરકારક અધ્યયન નીપજો સાથે સુસંગત રીતે અધ્યયનનું મૂલ્યાંકન કરે છે.
- નક્કી કરેલા ધ્યેયો અને અધ્યયન નીપજો સાથે સુસંગત રીતે અધ્યયન મૂલ્યાંકન કરે છે.
- પાઠ્યક્રમના ધ્યેયો અને અધ્યયન નીપજો સાથે યોગ્ય અધ્યાપન પદ્ધતિઓ એન ટેકનોલોજીનું સંકલન કરે છે વિદ્યાર્થીઓની સામેલગીરીને મદદ કરે છે.
- વિદ્યાર્થીઓને સ્વ-નિયંત્રિત અધ્યયન પ્રવૃતિઓમાં ભાગ લેવા પ્રોત્સાહન આપે અને મદદ કરે છે.

**સિદ્ધાંત-3: વિદ્યાર્થીઓ સાથે અસરકારક રીતે પ્રત્યાયન અને આંતરક્રિયા કરવી.**

**શિક્ષક:**

- ધ્યેયો, અધ્યયન નીપજો અને અપેક્ષઓ અસરકારક અને સ્પષ્ટ રીતે રજુ કરે છે અને વિદ્યાર્થીઓ સાથે તેની ચર્ચા કરે છે.
- અધ્યયન નીપજોની પ્રાપ્તિ માટે સહકારયુક્ત અધ્યયન અને વૈયક્તિક અધ્યયનની સમતુલા જાળવે

VIDHYAYANA

છે.

- અધ્યયનને અવરોધતી પરિસ્થિતિઓને નિયંત્રિત કરે છે.
- વિષયવસ્તુમાં વિદ્યાર્થીઓના રસ અને ઉત્સાહ જાળવવામાં મદદ કરે છે.
- અધ્યયનનું મૂલ્યાંકન કરવા યોગ્ય અને વ્યાજબી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

**સિદ્ધાંત-૪ : વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસ પર ધ્યાન આપવું.**

**શિક્ષક:**

- અધ્યયનના મૂલ્યાંકનના સ્પષ્ટ માનદંડો વિદ્યાર્થીઓને આપે છે અને તેના અંગો વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરે છે.
- વિદ્યાર્થીઓની બૌદ્ધિક સિદ્ધિ પ્રત્યે નિયમિત અને વિવિધ રીતે પ્રતિપુષ્ટિ આપે છે.
- વિદ્યાર્થીઓની અધ્યયન નીપજોના સંદર્ભમાં પ્રગતિની સમીક્ષા કરે છે.
- જેમને જરૂર હોય તેમણે વધુ પ્રગટ અધ્યયન અનુભવો પૂરા પાડે છે.

**સિદ્ધાંત- ૫: વિધાર્થીઓની ભિન્ન પ્રતિભાવો અને અધ્યયનની રીતેઓને માન આપવું.**

**શિક્ષક:**

- પ્રોત્સાહક પર્યાવરણ પૂરું પડે છે.
- ભિન્ન અધ્યયન રીતિઓને સ્વીકાર કરે છે અને તેને અનુરૂપ ફેરફારો કરે છે.
- બૌદ્ધિક અને સાંસ્કૃતિક ઘટનાઓ પ્રત્યે સંવેદન શીલતા વ્યક્ત કરે છે.

**સિદ્ધાંત - ૬: વર્ગખંડની બહારના અધ્યયનને સાથે જોડવું.**

**શિક્ષક:**

- વિદ્યાર્થી અને અન્ય શિક્ષકો સાથેની આંતરક્રિયાને પ્રોત્સાહન આપે છે.
- વિદ્યાર્થીઓને તેઓના અધ્યયન અનુભવોને બહારના વિશ્વ સાથે જોડવામાં મદદ કરે છે.
- વિધાર્થીઓને ભિન્ન રીતે તેઓને અધ્યયનને વ્યક્ત કરવામાં મદદ કરે છે.

**સિદ્ધાંત -૭: અધ્યાપન અભિગમ પર ચિંતન કરવું, તેનું અવલોકન કરવું અને સુધારો કરવો.**

**શિક્ષક:**

- અધ્યાપન અસરકારકતા અંગે નિયમિત રીતે વિદ્યાર્થીઓના અભિપ્રાયો મેળવે છે.

- અધ્યાપન સુધારણા માટે અન્ય શિક્ષકો પાસેથી અભિપ્રાયો મેળવે છે.
- પોતે શીખવવાનું વિષયવસ્તુ, તેનું સ્વરૂપ, અધ્યાપન યોજનાઓ અને સ્વાધ્યયોને નિયમિત રીતે સુધારે છે અને વધુ અદ્યતન બનાવે છે.
- વ્યાવસાયિક વિકાસ પ્રવુત્તિઓમાં ભાગ લઈને પોતાના અધ્યાપનની ગુણવત્તા ઊંચી લાવવાની તકોનો ફાયદો મેળવે છે.

આમ, અસરકારક શિક્ષણ આપવા માટે શિક્ષકમાં પણ સિદ્ધાંતોને અનુરૂપ વર્તન, અભિવ્યક્તિ અને તત્પરતા જરૂરી છે. જેથી એક ઉત્કૃષ્ટ પ્રકારનાં શિક્ષણ આપી ભાવિ પેઢીને સક્ષમ બનાવી શકાય.